GJBK130019922025

રજુ તારીખ : ૨૬/૧૨/૨૦૨૫
દાખલ તારીખ : ૨૬/૧૨/૨૦૨૫
ફેંસલ તારીખ : ૨૪/૦૩/૨૦૨૬
**અવધિ:**..... વર્ષ.– માસ.૦૨ દિવસ.૨૯

**આંક :– ૧૮**

## ફોર્મ–એ

| |
|---|
| **દાંતીવાડાના મહે.જયુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મું. દાંતીવાડા.** |
| **ચુકાદાની તારીખ :– ૨૪/૦૩/૨૦૨૬**<br>**ફોજદારી કેસ નં. :– ૧૬૩૭/૨૦૨૫**<br>**દાંતીવાડા પો.સ્ટે. ગુ.ર.નં. ૦૫૨૨/૨૦૨૫**<br>**ગુન્હો :– બી.એન.એસ.ની કલમ – ૮૫,૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૩) મુજબ...** |

| | |
|---|---|
| **ફરીયાદી :–** | **શ્રી સરકાર** |
| **રજુ મારફતે :–** | વિ.એ.પી.પી.શ્રી જે.જે.મોર |
| **આરોપી :–** | **ગૌરવભાઈ શિવરામભાઈ જોષી**<br>રહે.મુળ પાંચડા સલેમકોટ, તા.વડગામ<br>હાલ રહે,ધાનેરા ડીસા હાઈવે રોયલ હો્સ્ટેલની બાજુમાં મધુસુધન સોસાયટી તા.ધાનેરા, જી.બ.કાં |
| **રજુ મારફતે :–** | વિ.વ.શ્રી વી.આઈ.લોડના. |

## ફોર્મ–બી

| | | |
|---|---|---|
| ગુનાની તારીખ | : | ૩૧/૧૦/૨૦૨૫ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | : | ૦૧/૧૧/૨૦૨૫ |
| આખરી અહેવાલની તારીખ | : | ૨૬/૧૨/૨૦૨૫ |
| તહોમતનામાની તારીખ | : | ૨૬/૧૨/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | : | ૧૩/૦૩/૨૦૨૬ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | : | ૨૪/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | : | ૨૪/૦૩/૨૦૨૬ |

| | | |
|---|---|---|
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | : | -- |

**આરોપીની વિગત :-**

| નં. | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકિત તારીખ | તહોમત | શું નિર્દોષ છોડયુ / સજા કરી | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયતનો સમય ગાળો ફો.કા.સં.ની કલમ - ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઉપર મુજબ | ૧૫/૧૧/૨૫ | ૧૫/૧૧/૨૫ | ઉપર મુજબ | નિર્દોષ | -- | -- |

**ફોર્મ-સી**

**ફરીયાદ પક્ષ/બચાવ પક્ષ/અદાલત ધ્વારા તપાસવામાં આવેલ સાક્ષીની યાદી**

**(એ) ફરીયાદ પક્ષ :-**

| નં. | નામ | પુરાવાનો પ્રકાર | આંક |
|---|---|---|---|
| ૧ | સુહાની વા/ઓ ગૌરવભાઈ શીવરામભાઈ જોષીની જુબાની | ફરિયાદી | ૧૦ |
| ૨ | સુરેશભાઈ કરશનભાઈ જોષી ની જુબાની | સાહેદ | ૧૨ |
| ૩ | હાર્દિકભાઈ સુરેશભાઈ જોષી ની જુબાની | સાહેદ | ૧૩ |

**(બી) બચાવ પક્ષે સાક્ષી, જો હોય તો :-**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| - | -- | -- |

**(સી) અદાલત ધ્વારા સાક્ષી, જો હોય તો :-**

| ક્રમ | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| - | -- | -- |

**ફરીયાદપક્ષ/બચાવ પક્ષ/અદાલત ધ્વારા આંકે પાડવામાં આવેલ દસ્તાવેજ ની વિગત :-**

**(એ) ફરીયાદ પક્ષ :-**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૧ | ફરિયાદ |
| ૨ | ૧૪ | પંચનામું |
| ૩ | ૧૫ | મેડીકલ સર્ટીફીકેટ |
| ૪ | ૧૬ | મેડીકલ સર્ટીફીકેટ |

**(બી) બચાવ પક્ષ :–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| – | –– | –– |

**(સી) અદાલત ધ્વારા :–**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| – | –– | –– |

**(ડી) મટીરીયલ ઓબ્જેકટસ :–**

| અ.નં. | મટીરીયલ ઓબ્જેકટ નંબર | વિગત |
|---|---|---|
| – | –– | –– |

**–: ઠરાવ :–**

**(૧)** ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આકામના આરોપીએ અવાર નવાર ફરી.ને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી ગઈ તા.૩૧–૧૦–૨૫ ના ક.૧૪:૦૦ વાગે મોજે ગુદરી ગામે ફરી.બેનને તથા સાહેદ હાર્દિકભાઈ સુરેશભાઈ જોષીનાઓએ શરીરે ગડદાપાટુનો માર મારી ફરી.ને ભૂંડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરેલ છે.

**(૨)** આ કામના ફરીયાદીએ ઉપરોકત બનાવ સંબંધે દાંતીવાડા પોલીસ મથકે ફરીયાદ આપતાં, પોલીસે દાંતીવાડા પો.સ્ટે.ગુ.રજી. નં.૦૫૨૨/૨૦૨૫ થી ગુન્હો રજીસ્ટર કરી તપાસના અંતે હાલના આરોપી વિરુધ્ધ બી.એન.એસ.ક – ૮૫,૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧ (૩) મુજબ ના ગુન્હાનું ચાર્જશીટ દાખલ કરેલ છે.

**(૩)** આરોપીને નામદાર કોર્ટ ધ્વારા સમંસ કરવામાં આવેલ જે આરોપીને ધારાસર બજતાં, તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલા. ત્યાર બાદ આરોપીનું તહોમતનામું ફરમાવી તેનું નિવેદન નોંધેલ છે. જેમાં તેઓએ ગુના સબબનો ઈન્કાર કરેલો. જેથી સદર કામ ફરિયાદપક્ષના પુરાવાના તબકકે રાખવામાં આવેલું. ત્યારબાદ પુરાવો નોંધવામાં આવેલ છે.

**(૪)** આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં બી.એન.એસ.એસ.ક – ૩૫૧ હેઠળ વધારાનું નિવેદન રેકર્ડ કરવા પુરતો પુરાવો રજુ થયેલ ના હોવાથી આરોપીનું વધારાનું

નિવેદન લેવામાં આવેલ નથી. આ કામે આરોપીપક્ષે બચાવના કોઈ સાહેદો તપાસેલ નથી કે સોગંદ ઉપર જુબાની આપેલ નથી.

ત્યાર બાદ પ્રોસીકયુશન તરફે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપી તરફે વિ.વ.શ્રી ની દલીલો સાંભળી અને ધ્યાને લેવામાં આવેલ છે.

(૫) ફરીયાદપક્ષે આ કામે વધુ કોઈ પુરાવા તપાસવા માંગતા ન હોઈ આંક-૧૭ થી પુરાવો બંધ કરવા અંગેની પુરસીસ રજુ કરતાં,પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૬) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉદ્દ્ભવે છે.

***:: <u>મુદ્દા</u> ::***

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આકામના આરોપીએ અવાર નવાર ફરી.ને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપી ગઈ તા.૩૧-૧૦-૨૫ ના ક.૧૪:૦૦ વાગે મોજે ગુદરી ગામે ફરી.બેનને તથા સાહેદ હાર્દિકભાઈ સુરેશભાઈ જોષીનાઓએ શરીરે ગડદાપાટુનો માર મારી ફરી.ને ભૂંડી ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી, બી.એન.એસ.ક- ૮૫,૧૧૫(૨),૨૯૬ (બી), ૩૫૧(૩) મુજબ નો ગુનો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ આપવામાં આવે છે.

***:: <u>નિર્ણયો</u> ::***

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણયોના કારણો નીચે મુજબ આપવામાં આવે છે.

## // <u>કા ર ણો</u> //

**<u>મુદ્દા.નં.૧ અને ૨</u> :-**
**<u>ફરીયાદપક્ષના સાહેદોનો પુરાવો</u> :-**

૮.૧) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૧૦ થી ફરિયાદી સુહાનીબેન ગૌરવભાઈ જોષી ને તપાસવામાં આવેલા છે. તેઓએ તેમની જુબાનીમાં રજૂ ફરીયાદપક્ષના

કેસની હકીકતને સમર્થન આપતા ન હોઈ તેઓ ને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસ કરેલ છે પરંતુ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ પુરાવો આપતા નથી. જયારે આરોપી તરફે ફરીયાદી ની વિગતવાર ની ઉંડાણપુર્વક સુચક પ્રશ્નો દવારા ઉલટતપાસ કરેલ તેમ છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની વિગતને સમર્થન આપેલ નથી.

૮.૨) ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૨ થી સાહેદ સુરેશભાઈ કરશનભાઈ જોષીને તથા આંક–૧૩ થી હાર્દિકભાઈ સુરેશભાઈ જોષીને તપાસવામાં આવેલા છે. સદર બન્ને સાહેદોએ તેમની જુબાનીમાં રજૂ ફરીયાદપક્ષના કેસની હકીકતને સમર્થન આપતા ન હોઈ તેઓ ને હોસ્ટાઈલ જાહેર કરી ઉલટતપાસ કરેલ છ,પરંતુ ઉલટતપાસમાં પણ ફરિયાદપક્ષના કેસને સમર્થનકારક કોઈ પુરાવો આપતા નથી. જયારે આરોપી તરફે સાહેદોની વિગતવાર ની ઉંડાણપુર્વક સુચક પ્રશ્નો દવારા ઉલટતપાસ કરેલ તેમ છતાં તેઓએ ફરીયાદપક્ષના કેસની વિગતને સમર્થન આપેલ નથી.

(૯) ***રેકર્ડ પરના પુરાવાઓનું મુલ્યાંકન*** :–

૯.૧) ઉપરોકત ફરિયાદપક્ષે રજુ કરેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે ફરીયાદી તેજ મુખ્ય અને ચાવીરૂપ સાહેદ છે. ફરીયાદી તથા સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ નથી અને હોસ્ટાઈલ થયેલ છે. તેથી બનાવ તથા ફરીયાદની વીગત તથા હકીકત પર શંકા ઉપસ્થિત થાય છે. ફરીયાદીની આંક–૧૧ ની ફરીયાદમાં આરોપી વિરૂધ્ધ ની જે હકીકત જણાવેલી છે તેવી કોઈ હકીકત તેઓએ પોતાની જુબાનીમાં જણાવેલી નથી. આ કામના ફરીયાદી કે જેઓ બનાવ અંગેની ફરીયાદ આપનારા મહત્વના સાહેદ હોવા છતાં બનેલ બનાવ વિશે કોઈ સ્પષ્ટ માહીતી રેકર્ડ ઉપર લાવી શકેલા ન હોવાથીઆંક–૧૧ વાળી ફરીયાદ હકીકતને કોઈ પણ રીતે સમર્થન મળતુ નથી તેવું આ કોર્ટ માને છે. આમ, ફરીયાદી પોતે જ પોતાની ફરીયાદ હકિકતોને સમર્થન કરતા ના હોય તે સંજોગોમાં ફરીયાદપક્ષનો બાકીનો પુરાવો ગૌણ બની જાય છે.

આમ, ઉપરોકત હકીકતે પુરાવો ધ્યાને લેતાં, બનાવમાં સામાન્ય બોલાચાલી થયેલા ની જ હકીકત બહાર આવે છે તેનાથી વિશેષ આરોપી વિરુધ્ધ ગુનાની કોઈ હકીકત ફલીત થતી નથી. તેમજ હાલના કામે અન્ય કોઈ સાહેદ કે સબળ પુરાવો રેકર્ડ પર રજુ થયેલ નથી,

કોઈ દસ્તાવેજી પુરાવો પણ રજુ થયેલ નથી. વધુમાં, આ કામે સ્વતંત્ર તટસ્થ સાહેદી પુરાવા નો અભાવ છે. આમ, ફરીયાદપક્ષે રજુ થયેલ સોગંદ પરના પુરાવાથી આરોપીને ગુનામાં સાંકળી શકાય તેવો કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી.

**(૧૦)** ઉપરોકત રજૂ થયેલ સમગ્ર પુરાવાના મુલ્યાંકનના અંતે હાલના આરોપીઓએ ફરીયાદ માં જણાવ્યા મુજબનું ફરીયાદી તથા સાહેદ સાથે આવુ કોઈ કૃત્ય કરેલ હોવાનું સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. તે સંજોગોમાં સાંયોગિક પુરાવાઓના અભાવે આરોપી વિરૂધ્ધ મુકેલા આક્ષેપ મુજબનો ગુન્હો આરોપીએ કર્યા અંગે શંકા ઉત્પન્ન કરે છે. આથી આરોપીઓ વિરૂધ્ધનો અન્ય કોઈ ઠોસ, સબળ, દાર્શનીક પુરાવો ફરીયાદપક્ષે રજુ નથી. અને તેથી ફરીયાદી ના એક માત્ર મૌખિક કથનના આધારે આરોપી સામેનો આરોપ પુરવાર કરી શકાય નહી. આરોપી એ ગુન્હો કર્યા અંગે થોડી પણ શંકા ઉત્પન્ન થાય તો તેનો સીધો લાભ આરોપીને મળવા પાત્ર છે.

આમ, આ કામના મુખ્ય ફરીયાદી તથા સાહેદનાઓ પોતે જ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતો પુરાવો રજૂ કરેલ ન હોય તે સંજોગોમાં આ ડોકયુમેન્ટરી એવીડન્સ ઉપર આધાર રાખી આરોપીને સજા કરવી વ્યાજબી અને ન્યાયોચીત જણાતુ નથી. આમ, ઉપરોકત રજુ થયેલ પુરાવા થી ફરીયાદમાં જણાવેલ હકીકત નિ:શંકપણે સાબીત થયેલ હોવાનું માની શકાય તેમ નથી

**૧૧)** આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં આરોપી વિરૂધ્ધનો કેસ શંકાથી પર રીતે પુરવાર કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ નિવડેલ હોય, ફરિયાદપક્ષ મુદા નં.૧ ની હકિકતો પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ જતો હોય મુદા નં.૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે. અને મુદૃા નંબર–ર અંગે નીચે મુજબ આખરી હુકમ ફરમાવવા માં આવે છે.

**// <u>હુકમ</u> //**

(૧) આ કામના આરોપીઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–ર૭૧ અન્વયે બી. એન.એસ.કલમ– ૮પ,૧૧૫(ર), ર૯૬(બી), ૩પ૧(૩) મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીનાં ભારતીય નાગરીક સુરક્ષા સંહીતાની કલમ–૪૮૧ મુજબના જામીન તથા જાત મુચરકા અપીલ સમય માટે વધારવામાં આવે છે.

(૩) ક્રિમીનલ મેન્યુઅલનાં પેરા ૪૦ તથા મુંબઈ પોલીસ મેન્યુઅલ ૧૯૫૯ નિયમ ૨૪૬ મુજબ હુકમનો ટુંકસાર સંબંધીત પોલીસ સ્ટેશનમાં મોકલી આપવો.

આ ઠરાવ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તારીખ : ૨૪ /૦૩/૨૦૨૬
મુકામ : દાંતીવાડા.

(એન.વી.ગુપ્તા)
જ્યુ.મેજી.ફ.ક.,દાંતીવાડા
કોડ નં.જી.જે.૦૧૬૫૦